RIGHT TO INFORMATION

અપીલ અરજી નં.૪૫૫ તા.૮–૧૨–૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદાર:– શ્રી માતૃકર વસંતભાઈ ખંડુભાઈ
સામાવાળા:– ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન)
ઈ.ચા.ડે.કમિશ્નર(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી

## ફરીયાદની હકીકત:–

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી માતૃકર વસંતભાઈ ખંડુભાઈની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માાહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૮–૧૨–૧૧ ની **SMC/FAP/** નં.૪૫૫/૨૦૧૧–૧૨

શ્રી માતૃકર વસંતભાઈ ખંડુભાઈની તા. ૧૩–૧૦–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માાહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ/૧૪૭૦ તા.૧૧–૧૧–૧૧ થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતી અંગે દફતરી વિગતો નકલ સહ સ્પષ્ટ કરવા પત્ર નં. આરટીઆઈ સેલ / ૧૨૭૩ તા.૧૭–૧૨–૧૧થી ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન), ઈ.ચા.ડે.કમિશ્નર (હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી તથા અરજદારને મુળ માંગેલ માહિતી–ફી ભર્યાની વિગત જણાવેલ ન હોઈ તે રજૂ કરવા તથા તે સામે નારાજગીના મુદ્દાવાર સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી અરજદારની મુળ અરજીની નકલ, ગુમાસ્તા ધારાનું નોંધણી પ્રમાણપત્રની નકલ, આરોગ્ય ખાતાનું નોંધણી પત્રમાણપત્રની નકલ, અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી આરોગ્ય ફુડ તરફથી જાવક નં.પી.એચ.ડી./ફુડ/ ૧૦૮૦ તા. ૨૮–૧૨–૧૧ થી રીપોર્ટ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૨૨–૧૨–૧૧ ના પત્રથી ફી ભર્યાની વિગતની નકલ, તા.૮–૧૨–૧૧ ના રોજ અરજી કર્યાની પહોંચની નકલ,જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.૧૪૭૦ તા.૧૧–૧૧–૧૧ થી આપેલ માહિતીના પત્રની નકલ, ગુમાસ્તા નોંધણીના પ્રમાણપત્રની નકલ ,આરોગ્ય ખાતા તરફથી ફુડના લાયસન્સની નકલ, જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ ૧૨૬૮ તા.૧૪–૧૦–૧૧ થી આરોગ્ય અધિકારીશ્રી (આરોગ્ય વિભાગ) ને અરજી તબદીલ કરેલ પત્રની નકલ, અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૩–૧૦–૧૧ની અરજીથી બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અરજીમાં આરોગ્યખાતાની પણ માહિતી હોય જાહેર માહિતી અધિકારી આરોગ્યને સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/૧૨૬૮ તા.૧૪–૧૦–૧૧ થી સમય અવધિમાં તબદીલ કરેલ. જે અંગે અરજદારે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન) ના પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આઉટ/૧૪૭૦ તા.૧૧–૧૧–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૮–૧૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અરજીમાં (૧) શ્રી બહુચરાજી વિજય હિન્દુ હોટલ ૮/૩૮૬ નવસારી બજાર, બંબાગેટ પાસે, સુરતના સંસ્થાની નોંધણી અંગેનું પ્રમાણપત્ર ૧૯૬૬ થી ૧૯૭૦, ૧૯૭૧ થી ૧૯૭૫, ૧૯૭૬ થી ૧૯૮૦, ૧૯૮૧ થી ૧૯૮૯ સુધી જે જે માલિકના નામની સંસ્થાની નોંધણી અંગેનું પ્રમાણપત્ર આપવામાં આવેલ છે તેની લેખિતમાં માહિતી આપવા વિનંતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન તરફથી શ્રી બહુચરાજી વિજય હિન્દુ હોટલ સંસ્થાની નોંધણી અંગે તથા માલિક અંગેની માહિતી ૧૯૭૯ થી આજદિન સુધીની વિગત નીચે મુજબ છે.

(૧) સંસ્થાનું નામ :– શ્રી બહુચરાજી વિજય હિન્દુ હોટલ
(૨) માલિકનું નામ :– શાંતિબેન તે ખંડુભાઈ માતૃકરની વિધવા
(૩) સંસ્થાનું સરનામુ :–૮/૩૮૬, નવસારી બજાર, બંબાગેટ પાસે, સુરત.
(૪) નોંધણીની તારીખ:– ૩૦–૭–૧૯૭૯
(૫) સંસ્થાનું નોંધણી પ્રમાણપત્ર નં.:– સી.ઝેડ/આર/૮/૪૦
(૬) છેલ્લી રીન્યુ તારીખ :– ૩૧–૧૨–૨૦૦૮ સુધી રીન્યુ.

તેવું સમયઅવધિમાં જણાવેલ. જયારે જાહેર માહિતી આરોગ્ય (ફુડ) તરફથી આરોગ્ય ખાતાના રેકર્ડ જોતાં અરજદારશ્રીની ઉપરોકત આઈ.ડી નં.૧૦૧૧ ની અરજી અત્રે આવેલ નથી. તેમજ ઉપરોકત તા.૧૭–૧૨–૧૧ ના પત્ર સાથે મોકલેલ અરજદારની અરજી જોતાં તેમાં અલગ અલગ સમયગાળા દરમ્યાનનાં સંસ્થાના નોંધણી પ્રમાણપત્રની માંગણી કરેલ હોવાનું માલમ પડે છે જે આરોગ્ય ખાતાના કાર્યક્ષેત્રમાં આવતું ન હોય, તેવું અત્રેના પત્રથી થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ તે અનુસંધાને જણાવેલ. અત્રે એ સુચક છે કે અરજદારે મુળ અરજીથી નિર્દિષ્ટ સમય ગાળામાંની નોંધણી અને માલીક, સંસ્થાના નામની વિગત માંગેલ છે જેમાં આરોગ્ય નોંધણીનો પણ સમાવેશ થાય. અપીલ તબકકે જાહેર માહિતી અધિકારીને અરજીની નકલ પણ પાઠવવામાં આવેલ છે.

અરજદારે તા.૨૨–૧૨–૧૧ થી નારાજગીના મુદ્દાની સ્પષ્ટતા કરતા શ્રી બહુચરાજી વિજય હિન્દુ હોટલ ૮/૩૮૬ નવસારી બજાર બંબાગેટ પાસે સુરત ના ગુમાસ્તાધારાનું નોંધણીનું પ્રમાણપત્ર અને આરોગ્ય ખાતાની નોંધણીનું પ્રમાણપત્ર તા.૩–૬–૧૯૮૮ ના રોજ તેમના તરફથી આપવામાં આવેલ તે પ્રમાણપત્રની ઝેરોક્ષકોપી સરળતાથી આગળના વર્ષની માહિતી મળી રહે તે માટે રજુ કરેલ પરંતુ જાહેર માહિતી અધિકારીએ તેનેજ આધાર બનાવી અમોને ફકત ૧૯૭૯ થી ૧૯૮૮ જે અમારી પાસે હતી તેજ માહિતી અમોને મોકલાવેલ છે. આપ સાહેબને જણાવવાનું કે શ્રી બહુચરાજી વિજય હિન્દુ હોટલનું ગુમાસ્તાધારાનું નોંધણીનું અને આરોગ્ય ખાતા ની નોંધણી જે માલિકના નામથી વર્ષ ૧૯૬૬ થી ૧૯૭૦ ના વર્ષમાં કરવામાં આવેલ છે તેનું નામ તેમજ ૧૯૭૧ થી ૧૯૭૬ માં જે માલિકના નામે નોંધણી કરવામાં આવેલ છે તેની લેખિત માહિતી આપવા વિનંતી તેવું જણાવેલ. અરજદારની મુળ અરજીનુ ધ્યાને લઈ જાહેર માહિતી અધિકારીએ વર્ષ ૧૯૭૯ થી આજદિન સુધીની વિગત પુરી પાડેલ છે. જયારે અરજદારે વર્ષ ૧૯૬૬ થી ૧૯૭૬ સુધીની માહિતી માંગેલ છે. જે દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની થાય. અન્યથા તેના નાશ કે નિકાલ અંગેની યાદીની દફતરી ઉપલબ્ધ માહિતી પુરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૧૩–૧૦–૧૧ ની અરજીના અનુસંધાને માંગવામાં આવેલ માહિતી પૈકી વર્ષ ૧૯૬૬ થી ૧૯૭૬ સુધીની જાહેર માહિતી અધિકારી તરફથી નહી પુરી પાડવામાં આવેલ માહિતી આરટીઆઈની કલમ–૭(૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ જરૂર જણાયે લાગત નોંધણી, પરવાના રજીસ્ટરની દફતરી તપાસણી પુરી પાડવા સહિત દિન–૭ માં અરજદારને દફતરી માહિતી પુરી પાડવા ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલ ઝોન) ને જણાવવામાં આવે છે."

(પી.જે. ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧–૧૨

પ્રતિ,
(૧) ઝોનલ ચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલ ઝોન), ઈ.ચા.ડે.કમિશ્નર(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી.....જાણ તથા અમલ માટે
(૨) શ્રી માતૃકર વસંતભાઈ ખંડુભાઈ